# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/કવા–૦૨/૧૮–૧૯/8291-15 04 SEP 2018

રજી. એડી પત્ર

પ્રતિ, ભુપતભાઈ
રાઠોડ ~~ભુપતભાઈ~~ ઘેલાભાઈ,
ગામ: બામણબોર
તા.ચોટીલા
પીનકોડ–૩૬૩૫૨૦
મો: ૯૭૨૩૦ ૧૫૧૧૫

**વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૫–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૩/કવા–૦૨/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૩/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૧–૦૮–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રાઠોડ ભુપતભાઈ ઘેલાભાઈ, ગામ: બામણબોર

રજુઆત કરનાર: અરજદાર રાઠોડ ભુપતભાઈ ઘેલાભાઈ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તા.૩૧–૧૨–૨૦૦૦ ના રોજ નવુ ૦૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નોંધણીચાર્જ ભરપાઈ કરેલ છે. જેનો અગ્રતાક્રમ મુજબ – વારો આવતા જણાવેલ કે તેઓનુ ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૯૬૪૩/૦૦૪૬૪/૩ ની રકમ બાકી છે, જે કયા કારણોસર બાકી છે, તે કોઈ યોગ્ય જણાવતા ન હતા. જેથી, જે તે સમયે રકમ ભરપાઈ થયેલ ન હતી. હાલ મા – એમનેસ્ટી સ્કીમ અંતર્ગત સદર રકમ ભરપાઈ કરેલ છે, તો તેઓની માંગણી મુજબ નુ ખેતીવાડી વીજજોડાણ આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી અત્રેની વિભાગીય કચેરી હેઠળના કુવાડવા પે.વી.ક.ના બામણબોર (તાલુકા:ચોટીલા) ગામના અરજદાર શ્રી ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડ દ્વારા તેમને નવા ખેતીવાડી વીજ જોડાણ ન આપવા બાબતની અરજી ગ્રાહક નિવારણ કેન્દ્ર સમક્ષ તા.૨૫.૦૭.૨૦૧૮ ના રોજ કરેલ. સદર બાબત અન્વયે જણાવવાનું કે, સદર અરજદાર શ્રી ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડએ બામણબોર (તાલુકા:ચોટીલા) ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૧૨૦ માં ૫ એચ.પી. નું ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડનાં નામે રૂ. ૨૦૦/- રસીદ નંબર ૬૨૨૧૮૨ તા. ૩૧.૧૨.૨૦૧૨ થી કુવાડવા પે.વી.ક. માં રજીસ્ટ્રેશન કરેલ.<br><br>કુવાડવા પે.વિ.ક.નાં પત્ર મુજબ સદર અરજદારે જે તે સમયે કરેલ ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજીના સંલગ્ન દસ્તાવેજોની કેસ ફાઈલ હાલમાં પે.વિ.ક.માં ઉપલબ્ધ નથી. પરંતુ પે.વિ.ક.નાં ખેતીવાડીનાં જી.પી.રજીસ્ટરમાં સદર અરજદારનો ખેતીવાડી વીજ કનેક્શન માગણીનો રેકોર્ડ ચકાસતા સદર અરજદારે તા. ૩૧.૧૨.૨૦૧૨ નાં રોજ રૂ. ૨૦૦/- રસીદ નંબર ૬૨૨૧૮૨ તા. ૩૧.૧૨.૨૦૧૨ થી કુવાડવા પે.વી.ક. માં બામણબોર (તાલુકા:ચોટીલા) ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૧૨૦ માં નવા ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવેલ. જીપી રજીસ્ટરનાં રેકોર્ડ મુજબ સદર અરજદારને સંલગ્ન પે.વી.ક. દ્વારા પ્રાયોરીટી પ્રમાણે વારો આવતા જરૂરી પે.વી.ક.ના પત્ર નંબર ૨૧૭૫ તા. ૧૮.૦૩.૨૦૧૬ થી |

| |
|---|
| અંદાજપત્ર પાઠવવામાં આવેલ. જે અંદાજપત્ર અરજદાર દ્વારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરેલ ન હોવાથી નોટ પેઈડ થયેલ છે જેની એન્ટ્રી જીપી રજીસ્ટરમાં થયેલ છે. આ જીપી રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે.<br><br>વધુમાં જણાવવાનું કે, સદર અરજદાર દ્વારા અગાઉ પણ ફોરમ સમક્ષ સદર ખેતીવાડી વીજ જોડાણ બાબતે તા. ૦૧.૦૪.૨૦૧૩ નાં રોજ રજૂઆત કરેલ છે જે મુજબ તેઓને ઘર-વપરાશનાં વીજ જોડાણ કે જે ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડના નામે આવેલ છે અને જેના ગ્રાહક નંબર ૮૯૬૪૩/૦૦૪૬૪/૩ છે. જે વીજ કનેક્શન રેસીડેન્સીયલ કેટેગરીનું છે. આ ગ્રાહકન નંબરના અગાઉના ગ્રાહક નંબર ૩૪૫૪૩/૦૦૪૬૪/૭ હતા જેમાં બાકી રહેલ લેણી રકમ રૂ. ૭૩૨૨૧.૨૯ હોય. ત્યારબાદ લોક અદાલતમાં આ કેસ દીવાની દાવા કેસ નંબર ૪૫૯/૦૮ થી ચાલતો હતો અને લોક અદાલતમાં આ કેસ સમાધાન થતા રૂ. ૪૭૯૩૯.૭૦ પીજીવીસીએલમાં ભરપાઈ કરવાના થતા હતા. જે રકમ સદર ગ્રાહકે ઇન્સ્ટોલમેન્ટમાં તા. ૦૮.૦૭.૨૦૧૦ સુધીમાં ભરપાઈ કરેલ છે.અને લોક અદાલતનાં નિયમ અનુસાર વ્યાજની રકમ માફ કરેલ હતી.<br><br>પરંતુ અરજદારના સદર જોડાણના ખાતામાં બાકી રહેતી રકમ રૂ. ૨૫૨૮૧.૦૦ કે જે ટાઈમ બાર હોય આ રકમ પીજીવીસીએલના રેકોર્ડમાં અરજદારના અગાઉના જોડાણમાં બાકી વસુલાત રકમ રૂ. ૨૫૨૮૧.૦૦ મુજબ લેણી રહેલ છે. આ રકમ ટાઈમ બાર હોવા છતાં પણ અરજદાર પાસેથી બાકી લેણી વસુલાત રકમ નીયમાધીન વસુલાતને પાત્ર હોય, અને અરજદાર પક્ષકારે જો નવું જોડાણ મેળવવું હોય તો અરજદારે પીજીવીસીએલની સદર લેણી રકમ ભરપાઈ કરવી નિયમાંધીન જરૂરી તેમજ યોગ્ય છે. જે ફોરમ દ્વારા અપાયેલ હુકમ નંબર પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/કવા-૦૧/૧૩-૧૪/૬૧૧૯ તા. ૨૭.૦૬.૨૦૧૩ ની નકલ આ સાથે સામેલ છે. જેથી કરીને સદર અરજદારને ખેતીવાડી વીજ જોડાણ માટે અપાયેલ અંદાજપત્રની રકમ સાથે સદર ટાઈમ બારની રકમ ભરવી ફરજીયાત હોય જેથી કરીને સદર અરજદારનો અંદાજપત્ર નોટ પેઈડ થયેલ હોય અને આ સાથે અંદાજપત્રની નકલ અરજદારને રજી.એડી. થી કરેલ છે તેની આઉટવર્ડ રજીસ્ટર અને પોસ્ટ રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે.<br><br>ત્યારબાદ અરજદાર દ્વારા જણાવેલ છે કે, તેમની ટાઈમ બારની રકમ હાલમાં ચાલુ એમ્નેસ્ટી સ્કીમમાં ટાઈમ બારની ૫૦% રકમ એટલે કે રૂ. ૧૨૬૫૦=૦૦ ને રૂ. ૨૬૫૦ અને રૂ. ૧૦૦૦૦ કે અનુકમે રસીદ નંબર XD ૭૯૪૪૮૪ અને XD ૭૯૪૪૬૨ થી તા. ૨૧.૦૭.૨૦૧૮ અને તા.૨૦.૦૭.૨૦૧૮ થી ભરપાઈ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. વધુમાં અરજદાર દ્વારા સંદર્ભ નં.૩ થી ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે કે, હવે વીજ જોડાણ આપવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવી પરંતુ અરજદારને ઉપર મુજબ અંદાજપત્ર રજી.એડી.થી આપેલ છે અને ઉપર જણાવ્યા મુજબ તે નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરેલ નથી. અને આશરે ૨ વર્ષથી પણ વધારે સમય બાદ અરજદાર દ્વારા સદર અરજી પર વીજ જોડાણ માટેની માંગણી કરેલ છે જે ગ્રાહય રાખી શકાય નહી. વધુમાં સદર અરજદાર હવેથી ૭-૧૨, ૮-અ,૬-હક્કપત્રક જેવા જરૂરી દસ્તાવેજો સાથે નવેસરથી નવા ખેતીવાડી વીજ જોડાણ માટે સંલગ્ન પેટા વિભાગીય કચેરી કુવાડવામાં રજીસ્ટ્રેશન કરાવી શકશે અને કંપનીના નિયમ મુજબ પ્રાયોરીટી પ્રમાણે વીજ કનેક્શન આપવા માટેની આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

<u>મુદદા નં.-૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | • **અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે**, સદર અરજદાર દ્વારા અગાઉ પણ ફોરમ સમક્ષ સદર ખેતીવાડી વીજ જોડાણ બાબતે તા. ૦૧.૦૪.૨૦૧૩ નાં રોજ રજૂઆત કરેલ છે -જે અન્વયે ફોરમ કમિટી તરફથી કરાયેલ હુકમ તા.૨૭–૦૬–૧૩ મુજબ – અરજદાર ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડના ઘર-વપરાશનાં વીજ જોડાણ ગ્રાહક નંબર ૮૯૬૪૩/૦૦૪૬૪/૩ કે જેમાં બાકી રહેલ લેણી રકમ રૂ. ૭૩૨૨૧.૨૯ હોય. ત્યારબાદ સદર કેઈસ લોક અદાલતમાં દીવાની દાવા કેસ નંબર ૪૫૯/૦૮ થી ચાલતો હતો અને લોક અદાલતમાં આ કેસ સમાધાન થતા રૂ. ૪૭૯૩૯.૭૦ પીજીવીસીએલમાં ભરપાઈ કરવાના થતા હતા. જે રકમ સદર ગ્રાહકે ઇન્સ્ટોલમેન્ટમાં તા. ૦૮.૦૭.૨૦૧૦ સુધીમાં ભરપાઈ કરેલ છે.અને લોક અદાલતનાં નિયમ અનુસાર વ્યાજની રકમ માફ કરેલ હતી. પરંતુ અરજદારના સદર જોડાણના ખાતામાં બાકી રહેતી રકમ રૂ. ૨૫૨૮૧.૦૦ કે જે ટાઈમ બાર હોય આ રકમ પીજીવીસીએલના રેકોર્ડમાં અરજદારના અગાઉના જોડાણમાં બાકી વસુલાત રકમ રૂ. ૨૫૨૮૧.૦૦ મુજબ લેણી રહેલ છે **જે ભરપાઈ થયે નવા વીજજોડાણ આપવાની અરજી સ્વીકારી અને નોંધણી કરવાની કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી હાથ ધરવામા આવશે.**<br>• અરજદાર શ્રી ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડએ બામણબોર (તાલુકા:ચોટીલા) ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૧૨૦ માં ૫ એચ.પી. નું ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા ભુપતભાઈ ઘેલાભાઈ રાઠોડનાં નામે રૂ. ૨૦૦/- રસીદ નંબર ૬૨૨૧૮૨ તા. ૩૧.૧૨.૨૦૧૨ થી કુવાડવા પે.વી.ક. માં રજીસ્ટ્રેશન કરાવેલ છે. જે અનુસંધાને પેટા વિભાગીય કચેરી દ્વારા અગ્રતાક્રમ મુજબ – તા.૧૮–૦૩–૧૬ થી ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ થકી પાઠવવામા આવેલ. જેની નોંધણી પોસ્ટેજ સ્ટેમ્પ રજીસ્ટર મા કરાયેલ છે. જે અંદાજપત્ર અરજદાર દ્વારા નિયત સમયમર્યાદામાં ભરપાઈ કરેલ ન હોવાથી નોટ પેઈડ થયેલ છે જેની નોંધ જીપી રજીસ્ટરમાં ક્રમ નં.–૨૮૬૯ થી થયેલ છે<br>• પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – અરજદારની જે તે સમયે કરેલ ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજીની કેઈસ ફાઈલ મા હાલમાં પે.વિ.ક.માં ઉપલબ્ધ નથી.<br>• અરજદાર દ્વારા એમ્નેસ્ટી સ્કીમમાં ટાઈમ બારની ૫૦% રકમ એટલે કે રૂ. ૧૨૬૫૦=૦૦ ને રૂ. ૨૬૫૦ અને રૂ. ૧૦૦૦૦ કે અનુક્રમે રસીદ નંબર XD ૭૯૪૪૮૪ અને XD ૭૯૪૪૬૨ થી તા. ૨૧.૦૭.૨૦૧૮ અને તા.૨૦.૦૭.૨૦૧૮ થી ભરપાઈ કરેલ છે. |
| <u>૩.૨</u> | • સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં.૩.૧ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા નવા ખેતીવાડી વીજજોડાણ માટે ની રેકર્ડ આધારીત નોંધ મુજબ ભાવપત્રક અપાયેલ છે, જેની રકમ સમયમર્યાદા મા ભરપાઈ થયેલ નથી, તેમજ સદર બાબતે ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા વધારવા બાબતે ની કોઈ રજુઆત જણાયેલનથી, જેથી અરજદાર દ્વારા સદર અરજી પર વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરાયેલ છે, તે ગ્રાહય રાખી શકાય નહી. તેમજ અરજદાર ને નવુ વીજજોડાણ મેળવવા માટે નિયમાધીન ફરીથી નોંધણી પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં કર્યે થી – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.